# 61

## યાત્રાધામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ

* 15/4/20 શ્રી ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) |
| (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) |
| (૩) ઉકત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી? | (૩) |

(૧) (રૂ. કરોડ)

| વર્ષ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| બજેટ જોગવાઇ | ૧૫૪.૧૮૮૧ | ૧૦૫.૭૮૫૬ |

(૨) (રૂ. કરોડ)

| વર્ષ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| રકમ | ૭૧.૦૬૭૧ | ૬૯.૨૧૨૨ |

(૩) (રૂ. કરોડ)

| વર્ષ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| બજેટ જોગવાઇ | ૧૫૪.૧૮૮૧ | ૧૦૫.૭૮૫૬ |
| સુધારેલ અંદાજ | ૯૩.૭૯૩૭ | ૧૦૬.૯૧૫૬ |
| ખર્ચ | ૯૪.૪૦૧૧ | ૯૨.૦૧૪૪ |
| વણવપરાયેલ રકમ | - | ૧૪.૯૦૧૨ |

❖ વણવપરાયેલ ગ્રાન્ટના કારણો નીચે મુજબ છે.

➢ પ્રોજેકટને જિલ્લા પ્રવાસન સમિતિમાં મંજૂરી મેળવી, આર્કિટેક્ટ કમ કન્સલ્ટન્ટની નિયમાનુસારની કાર્યવાહીમાં વહીવટી સમય પસાર થતો હોવાથી સમય લાગે છે.

➢ કેટલાક પ્રોજેક્ટ/મંદિરનું લોકેશન અગવડભર્યુ હોવાથી ખાસ સંજોગોમાં નિયમાનુસાર ૩–૪ વખત ટેન્ડર કરવાના પ્રસંગોના કારણે તેમજ

➢ કેટલાક કેસોમાં ખાનગી સંપાદન કરવાના કિસ્સામાં વહિવટ પ્રક્રિયાના કારણે

➢ વર્કઓર્ડર બાદ કામગીરી હાથ ધરવામાં થતાં વહીવટી વિલંબના કારણે; અને સ્થાનિક લોકોના વિરોધના કારણે જે તે વર્ષમાં પ્રોજેકટ પૂર્ણ ન થવાના કારણે ખર્ચ ઉધારી શકાતો ન હોવાથી, વર્ષના આખરે નિયમાનુસાર બચત રકમ સરકારશ્રીમાં જમા કરાવવામાં આવે છે.

➢ ચાલુ કામગીરી દરમ્યાન જમીનમાંથી પાણીની લાઇન/ગટર લાઇન/ઇલેક્ટ્રીક લાઇન નીકળવાના કારણે શિફ્ટીંગમાં સમય લાગે છે, જેથી કામગીરી કરવામાં વિલંબ થાય છે.

-----------------------------------